એકમ 10

# ઉત્પાદનના સાધનો - I : જમીન, શ્રમ - અર્થ, લક્ષણો
## Factors of Production-I : Land, Labour - Meaning, Characteristics

**: રૂપરેખા :**


**10.0** ઉદ્દેશો

**10.1** પ્રસ્તાવના

**10.2** ઉત્પાદનના સાધનો

**10.3** જમીનનો અર્થ

**10.4** જમીનના લક્ષણો

- **10.4.1** કુદરતી બક્ષિસ
- **10.4.2** સ્થિર પુરવઠો
- **10.4.3** અંકુશમાં આવે તેવી સંપત્તિ
- **10.4.4** અગતિશીલ સાધન
- **10.4.5** ગુણવત્તામાં તફાવત
- **10.4.6** નિષ્ક્રિય સંસાધન
- **10.4.7** ઘટતી ઉત્પાદકતા

**10.5** જમીનનું મહત્ત્વ

- **10.5.1** મનુષ્યનું અસ્તિત્ત્વ
- **10.5.2** ખેતીની પ્રગતિ
- **10.5.3** ઔદ્યોગિક વિકાસ
- **10.5.4** વાહનવ્યવહારનો આધાર

**10.6** શ્રમનો અર્થ

**10.7** શ્રમની લાક્ષણિકતાઓ

- **10.7.1** જીવંત સાધન
- **10.7.2** શ્રમ અને શ્રમિક અવિભાજ્ય
- **10.7.3** શ્રમ નાશવંત છે.
- **10.7.4** અલ્પ ગતિશીલતા
- **10.7.5** કાર્યક્ષમતામાં તફાવત
- **10.7.6** શ્રમ પુરવઠાની ફેરફાર ક્ષમતા

**10.8** ઉત્પાદક અને અનુત્પાદક શ્રમ

**10.9** શ્રમનું મહત્ત્વ

**10.10** સારાંશ

**10.11** ચાવીરૂપ શબ્દો

**10.12** તમારી પ્રગતિ ચકાસો

**10.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**10.14 ઉપયોગી પુસ્તકો**

## 11.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતો અંગે માહિતગાર બનશો.

– જમીન (ભૂમિ) અને શ્રમનો અર્થશાસ્ત્રીય અર્થ

– જમીન (ભૂમિ) અને શ્રમનો સામાન્ય તેમજ અર્થશાસ્ત્રીય અર્થ વચ્ચેનો ભેદ

– ઉત્પાદનની પ્રક્રિયામાં જમીન (ભૂમિ) અને શ્રમનું મહત્ત્વ

– ઉત્પાદનના સાધન તરીકે ભૂમિના લક્ષણો

– ઉત્પાદનના સાધન તરીકે શ્રમના લક્ષણો

## 10.1 પ્રસ્તાવના

મનુષ્યની જરૂરિયાતો અમર્યાદિત હોવાની સાથે-સાથે વારંવાર ઉદ્ભવે છે. આ જરૂરિયાતોની પૂર્તિ માટે મનુષ્યે કુદરતી સંસાધનો અને માનવ પ્રયત્નો પર આધાર રાખવો પડે છે. કુદરત દ્વારા મનુષ્યની જરૂરિયાતની પૂર્તિ માટે આપવામાં આવેલ વસ્તુઓ અને સેવાઓ મર્યાદિત અને વૈકલ્પિક ઉપયોગ ધરાવતી હોવાથી મનુષ્યની બધી જ જરૂરિયાતોની પૂર્તિ થઈ શકતી નથી. આથી મનુષ્યે પોતાની વધારાની જરૂરિયાતો સંતોષવા માટે પ્રયત્નો કરવા પડે છે. આ પ્રયત્નોમાં ઉત્પાદનના સાધનો સહાયરૂપ બને છે. ઉત્પાદનના સાધનોની સહાયથી મનુષ્ય દ્વારા વસ્તુઓ અને સેવાઓમાં તૃષ્ટિગુણનો ઉમેરો કરી ઉત્પાદન કરવામાં આવે છે. ઉત્પાદનના સાધનો દ્વારા વસ્તુમાં રંગ, રૂપ, કદ, આકાર, સ્વરૂપ, સમય, સ્થળ વગેરેમાં ફેરફાર કરીને તૃષ્ટિગુણનો ઉમેરો કરવામાં આવે છે. એટલે કે વસ્તુ અને સેવાને વપરાશ યોગ્ય બનાવવામાં આવે છે. ઉત્પાદનની પ્રક્રિયામાં મદદરૂપ થતા સાધનોમાં જમીન, શ્રમ, મૂડી અને નિયોજકનો સમાવેશ થાય છે. જેમાં જમીન અને શ્રમ ઉત્પાદનના પ્રાથમિક અને કુદરતી સાધનો છે. જેનો વિગતે અભ્યાસ આ એકમમાં કરીશું.

## 10.2 ઉત્પાદનના સાધનો

ઉત્પાદન કાર્યમાં જે સાધનો સહાયરૂપ થાય છે. તેનું અર્થશાસ્ત્રમાં જમીન, મૂડી, શ્રમ અને નિયોજન એમ ચાર સાધનોમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

આ ચાર સાધનોમાં જમીન અને શ્રમ ઉત્પાદનનાં મુખ્ય કે પ્રાથમિક સાધનો છે. જમીન એટલે કુદરતી સંપત્તિ અને શ્રમ એટલે માનવશ્રમ ઉત્પાદનની પ્રવૃત્તિમાં કુદરત સાથે માનવ પ્રયત્ન જોડાય છે. માનવજાતના વિકાસના તબક્કામાં આ બે સાધનો જ મહત્ત્વનાં હતા. પરંતુ ત્યારબાદ માનવીએ પોતાના શ્રમ વડે વપરાશ માટેની વસ્તુઓ બનાવવાને બદલે ઉત્પાદન માટેના સાધનો બનાવવા માંડ્યા અને ત્યારથી ઉત્પાદનમાં મૂડીનો પ્રવેશ થયો. મૂડી કુદરતી નહિ પણ માનવ સર્જિત ઉત્પાદનનું સાધન છે. જેવા કે યંત્રો, વાહનો, બળતણ વગેરે મૂડી, સાધનો વડે વધુ ઉત્પાદન શક્ય બને છે.

જનીમ, શ્રમ અને મૂડી ઉપરાંત આધુનિક સમયમાં ચોથું મહત્ત્વનું સાધન 'નિયોજન શક્તિ' ગણાય છે. ઉત્પાદનનાં પ્રથમ ત્રણ સાધનોનું સંકલન કરી તેમને ઉત્પાદન પ્રવૃત્તિમાં વ્યસ્થિત રીતે સાંકળવાનું કામ નિયોજકનું છે. વ્યવસ્થા અને સંકલન ઉપરાંત, જોખમ ઉઠાવવાનું મહત્ત્વનું કાર્ય નિયોજકે કરવાનું હોય છે.

હવે આપણે આ એકમમાં ઉત્પાદનના પ્રાથમિક સાધનો જમીન અને શ્રમનો વિગતે અભ્યાસ કરીશું.

## 10.3 જમીનનો અર્થ

સામાન્ય રીતે 'પૃથ્વીની સપાટી' કે જેના પર ખેતી થાય છે. મકાનો બાંધવામાં આવે છે. રસ્તાઓ બનાવવામાં આવે છે. તેને આપણે 'જમીન કે ભૂમિ' તરીકે ઓળખીએ છીએ. પરંતુ અર્થશાસ્ત્રમાં

જમીનનો અર્થ વધુ વિસ્તૃત રીતે કરવામાં આવે છે. જેમ કે જુદા જુદા અર્થશાસ્ત્રીઓના શબ્દોમાં :

**(1)** **ફ્રેઝર :** ×જે કુદરતી સાધન સંપત્તિમાંથી આવક મેળવી શકાતી હોય અથવા જેનું વિનિમય મૂલ્ય હોય, તેમજ અછત હોય અને જે ઉત્પાદનની પ્રક્રિયામાં પ્રત્યક્ષ કે ગર્ભિત રીતે ફાળો આપે છે. તેવા કુદરતી સાધનોનો સમાવેશ 'જમીન' માં કરી શકાય.×

**(2)** **માર્શલ :** ×દરેક પ્રકારની સંપત્તિ અને શક્તિ જે કુદરતે છૂટે હાથે માનવીને સહાય માટે આપી છે. તેને જમીન કહી શકાય. પછી ભલેને તે જમીનમાં હોય, પાણીમાં હોય, પ્રકાશમાં હોય અથવા ગરમીના સ્વરૂપમાં હોય.×

**(3)** **જે. કે. મહેતા :** ×જે સાધનની સેવાઓ ઉત્પાદનકાર્યમાં કોઈપણ ત્યાગ અથવા ખર્ચ વિના પ્રાપ્ત થતી હોય તે સાધનને 'જમીન' કહેવાય.×

ઉપરોક્ત પરિભાષાઓ પરથી કહી શકાય કે આવકનું સર્જન કરવા માટે અંકુશમાં આવી શકતી અને ઉપયોગમાં લઈ શકાતી કુદરતી સંપત્તિને 'જમીન' તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વીની સપાટી ઉપરાંત સપાટીની નીચેના કોલસો, તેલ, ગેસ, ખનીજ, પાણી વગેરે અને સપાટી ઉપરનાં તળાવો, નદીઓ, જંગલો, પર્વતો વગેરેને 'જમીન' કહેવામાં આવે છે.

## 10.4 જમીનના લક્ષણો

ઉત્પાદનના સાધન તરીકે જમીનનો અર્થ વધારે સ્પષ્ટ બને તે માટે તેની ખાસિયતો કે લાક્ષણિકતાઓનો અભ્યાસ કરીશું.

### 10.4.1 કુદરતી બક્ષિસ

જમીનની સૌથી મોટી લાક્ષણિકતા એ છે કે તે કુદરત પાસેથી વિના મૂલ્યે મળતી ભેટ છે. તેને પ્રાપ્ત કરવા માનવજાતે મહેનત કરવી પડતી નથી. એટલે કે ખર્ચ કરવો પડતો નથી. જેમ યંત્ર કે મકાન બનાવવા પરિશ્રમ-ખર્ચ કરવો પડે છે. તેમ ધરતીની સપાટી કે પાણી ખર્ચ કરીને બનાવવા પડતા નથી. તે તો કુદરતે વિનામૂલ્યે બક્ષિસ તરીકે આપેલાં છે. આથી જમીન એ કુદરત દ્વારા પ્રાપ્ત થતી એક અમૂલ્ય ભેટ છે.

### 10.4.2 સ્થિર પુરવઠો

જમીનનો પુરવઠો સ્થિર છે. તેના પ્રમાણમાં વધારો કે ઘટાડો કરી શકાતો નથી. તેનું પ્રમાણ મર્યાદિત છે. મકાનો, યંત્રો, અનાજ, કાપડ વગેરેનું ઉત્પાદન થઈ શકતું હોવાથી તેના પુરવઠામાં વધારો-ઘટાડો કરી શકાય છે. પરંતુ જંગલો, નદીઓ, પર્વતો, ખનીજ વગેરેના પુરવઠામાં વધઘટ કરી શકાતી નથી. તે સ્થિર અને મર્યાદિત છે. વર્તમાન સમયમાં સમુદ્રને પૂરીને જમીન બનાવવામાં આવે છે. ઉજ્જડ પ્રદેશને ફળદ્રુપ બનાવી શકાય છે. પરંતુ આ બધા ફેરફાર ખૂબ જ નજીવા એટલે કે 'સમુદ્રમાં બિંદુ' સમાન છે. આમ, જમીનના પુરવઠામાં વધઘટ કરવી એ માનવીના હાથ બહારની કે શક્તિ બહારની વાત છે.

### 10.4.3 અંકુશમાં આવે તેવી સંપત્તિ

બધી જ કુદરતી સંપત્તિ જમીન નથી. જેમ કે સૂર્ય પ્રકાશ કે હવામાન કુદરતી ભેટ હોવા છતાં તેની માલિકી શક્ય નથી. એટલે કે તે કોઈ વ્યક્તિ, સંસ્થા કે દેશની માલિકી કે અંકુશમાં આવી શકતા નથી. તેથી તે જમીન નથી. પરંતુ ખનીજ કોલસાની ખાણો, ખેતરો, વગેરેની માલિકી શક્ય હોવાથી તે જમીન છે. આમ જે કુદરતી સંપત્તિ વ્યક્તિ, સંસ્થા કે દેશની માલિકી કે અંકુશમાં આવી શકતી હોય તે જમીન છે. આમ, જમીનની ખાસિયત છે કે તે કુદરતી ભેટ હોવા ઉપરાંત માલિકીમાં કે અંકુશમાં આવી શકે તેવી બક્ષિસ છે.

### 10.4.4 અગતિશીલ સાધન

ઉત્પાદનના ચાર સાધનો પૈકી જમીન એ સ્થિર તેમજ અગતિશીલ સાધન છે. વપરાશી ચીજો, વાહન, યંત્રો વગેરે એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે. એટલે કે તેમનું સ્થળાંતર થઈ

શકે છે. પરંતુ જમીન એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડી શકાતી નથી. એટલે કે જમીન તદ્દન અગતિશીલ સાધન છે. કોલસાની નિકાસ થઈ શકે પરંતુ કોલસાની ખાણની નિકાસ થઈ શકે નહીં. આરબ દેશોમાંથી પેટ્રોલ-ડિઝલની નિકાસ થઈ શકે પરંતુ પેટ્રોલ-ડિઝલ (ક્રુડ ઓઈલ)ના કૂવાની નિકાસ થઈ શકે નહીં. પંજાબની ફળદ્રુપ જમીન રાજસ્થાનમાં લઈ જઈ શકાય નહીં.

### 10.4.5 ગુણવત્તામાં તફાવત

જુદી જુદી જમીનની ગુણવત્તા કે ફળદ્રુપતા અલગ-અલગ હોય છે. કચ્છ વિસ્તારમાં આવેલી જમીનની અને મહેસાણા જિલ્લામાં આવેલી જમીનની ગુણવત્તા અને તેની ફળદ્રુપતા જુદી-જુદી છે. જમીનની ગુણવત્તા જમીનના પ્રકાર, સ્થળ ત્યાંની આબોહવા વગેરે ઉપર આધાર રાખે છે. વળી, જુદી-જુદી જમીન સ્થાનની રીતે પણ અલગ-અલગ મહત્ત્વ ધરાવે છે. જેમ કે, શહેરમાં આવેલી જમીન અને ગ્રામ વિસ્તારમાં આવેલી જમીન વચ્ચે ખૂબ જ તફાવત હોય છે. શહેરી વિસ્તારમાંની જમીનનું મહત્ત્વ અને મૂલ્ય ગ્રામ્ય વિસ્તારની જમીન કરતાં વધુ હોય છે. જેમ કે અમદાવાદના મધ્યભાગમાં આવેલી જમીનનું દૂરના ગ્રામ્ય વિસ્તારની જમીન કરતાં રહેઠાણની કે વ્યાપારની દૃષ્ટિએ વધુ મહત્ત્વ હોય છે.

### 10.4.6 નિષ્ક્રિય સંસાધન

જમીન એ ઉત્પાદનનું નિષ્ક્રિય સાધન છે. જમીન પોતે વસ્તુનું ઉત્પાદન કરી શકતી નથી. જમીન ઉપર ઉત્પાદન કરવા માટે શ્રમ, મૂડી અને નિયોજન શક્તિની જરૂર પડે છે. જ્યાં સુધી શ્રમ, મૂડી અને નિયોજક ઉત્પાદનમાં ન જોડાય ત્યાં સુધી જમીન પોતે ઉત્પાદન કરી શકતી નથી.

### 10.4.7 ઘટતી ઉત્પાદકતા

જમીન કુદરતી બક્ષિસ હોવા છતાં તેનો ઉપયોગ અમર્યાદિત રીતે કરી શકાતો નથી. જમીનનો વપરાશ જેમ જેમ વધતો જાય તેમ તેમ તેની ઉત્પાદકતા ઘટતી જાય છે. જમીનની ફળદ્રુપતા ઘટવાની આ પ્રક્રિયા અટકાવવા માટે જ અમુક વર્ષે જમીનને પડતર રાખવાની, ખાતર નાખવાની વગેરે જરૂરિયાત ઊભી થાય છે.

ઉપરોક્ત વિશિષ્ટ લક્ષણોને કારણે જમીન ઉત્પાદનનું એક મહત્ત્વનું સાધન બને છે. જમીનને લીધે જ શ્રમ અને મૂડી ઉત્પાદન કરી શકે છે. જમીન એ ઉત્પાદન પ્રક્રિયામાં પ્રાથમિક કે પાયાનું સાધન છે. ઔદ્યોગિક વિકાસ, કૃષિ વિકાસ અને આર્થિક વિકાસ માટે પણ જમીન એક મહત્ત્વનું અને અનિવાર્ય સાધન છે.

## 10.5 જમીનનું મહત્ત્વ

જમીનનો અર્થ અને લક્ષણોથી માહિતગાર થયા પછી જમીન માનવજીવન માટે કેટલી મહત્ત્વની અને ઉપયોગી છે તેનો અભ્યાસ કરીશું.

### 10.5.1 મનુષ્યનું અસ્તિત્ત્વ

ખેતી, ઉદ્યોગ, વાહનવ્યવહાર, વેપાર, વગેરેનો આધાર જમીન છે. મનુષ્યના જીવનની પ્રાથમિક વસ્તુઓ જેવી કે ખોરાક, કપડાં, રહેઠાણ, પાણી વગેરે જમીનની સહાયથી જ પ્રાપ્ત થઈ શકે છે. મનુષ્યે કોઇ પણ વસ્તુનું ઉત્પાદન કરવા માટે જમીન અને કુદરત દ્વારા આપવામાં આવેલ સંસાધનો પર જ આધાર રાખવો પડે છે. આમ, મનુષ્યનું જીવન જમીન વગર શક્ય નથી.

### 10.5.2 ખેતીની પ્રગતિ

જમીન અને ખેતીને એકબીજાથી અલગ કરી શકાતા નથી એટલે કે જમીન અને ખેતી વચ્ચેનો સંબંધ અવિભાજ્ય છે. જમીન વગર ખેતીની કલ્પના કરી શકાય તેમ નથી. ધરતીની સપાટી ના હોય તો ખેતી કરવી મુશ્કેલ છે. આથી જ ખેડૂતો ધરતીને માતા ગણે છે. જેમ જમીન વધુ ફળદ્રુપ તેમ ખેડૂતો વધુ ઉત્પાદન મેળવી શકે છે.

### 10.5.3 ઔદ્યોગિક વિકાસ

આર્થિક વિકાસનો આધાર ખેતી ઉપરાંત ઉદ્યોગોના વિકાસ પર અવલંબિત હોય છે. મનુષ્યે પોતાની અનેક જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે જુદા જુદા પ્રકારના અનેક ઉદ્યોગોની સ્થાપના કરી છે. પરંતુ આ ઉદ્યોગો માટે કાચો માલ, બળતણ, ખનીજ પદાર્થ વગેરે પૂરા પાડવામાં જમીનનો સિંહફાળો છે. આમ, ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી સાધનો મેળવવા માટે જમીન પર આધાર રાખવો પડે છે.

### 10.5.4 વાહનવ્યવહારનો આધાર

મનુષ્યે પોતાની જરૂરિયાતો સંતોષવા માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરી કરવી પડે છે. આ મુસાફરી માટે અનેક પ્રકારના વાહનો બનાવવામાં આવ્યા છે. જેમ કે બસ, કાર, ખટારા, રેલ્વે વગેરે. આ બધા જ સાધનો રસ્તા વગર નકામાં બની જાય છે. જો પૃથ્વીની સપાટી પર રસ્તા બનાવી શકાય નહીં તો આ સાધનોનો ઉપયોગ તેમજ વાહન વ્યવહાર શક્ય નથી. આમ, વાહન વ્યવહાર માટે જમીન પાયાનું સંસાધન છે.

## 10.6 શ્રમનો અર્થ

સામાન્ય રીતે પરસેવો થાય, શરીરને ખૂબ થાક લાગે તેવાં કામને જ આપણે શ્રમ કહીએ છીએ. મજૂર એટલે લારી ખેંચનાર, વજન ઉપાડનાર એવો આપણે અર્થ કરીએ છીએ. પરંતુ અર્થશાસ્ત્રમાં ઉત્પાદનના સાધન તરીકે શ્રમનો વિશિષ્ટ અર્થ કરવામાં આવે છે. જેને જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ નીચે પ્રમાણે સમજાવ્યાં છે.

1. **થોમસ :** ×બદલાની અપેક્ષાથી કરવામાં આવતાં બધા જ પ્રકારના માનવ શ્રમ કે જે શારીરિક કે માનસિક સ્વરૂપે હોય તે શ્રમ છે.×
2. **માર્શલ :** ×ભૌતિક વળતરના હેતુથી કરવામાં આવતું અંશતઃ કે સંપૂર્ણ શારીરિક અથવા માનસિક કાર્ય એટલે શ્રમ×
3. **પ્રો. પીગું :** ×જેને પૈસા કે નાણાં વડે માપી શકાય તેવી આર્થિક પ્રવૃત્તિને શ્રમ કહેવાય છે.×

ઉપરોક્ત વ્યાખ્યા પરથી કહી શકાય કે કોઈની દેખરેખ નીચે વસ્તુ કે નાણાંના બદલાની અપેક્ષાથી કરવામાં આવેલાં શારીરિક કે માનસિક પ્રયત્ન એટલે શ્રમ અને જે શ્રમ કરે છે તે શ્રમિક છે.

મિલ મજૂર, કારકૂન, શિક્ષક, ખેત મજૂર વગેરે અન્ય કોઈની દેખરેખ હેઠળ શારીરિક કે માનસિક શ્રમ કરે છે. તેથી તે શ્રમિક છે. પરંતુ ડૉક્ટર, વકીલ વગેરે અન્યની દેખરેખ નીચે નહીં પરંતુ સ્વતંત્ર રીતે કામ કરતા હોય તો તેઓ શ્રમિક નથી. પણ નિયોજકો છે. પરંતુ જો ડૉક્ટર સરકારી દવાખાનામાં નોકરી કરે કે વકીલ અદાલતમાં સરકારી વકીલ તરીકે કાર્ય કરે તો તે શ્રમિક છે.

નાણાં કે કોઇ બદલાની અપેક્ષા વિના કામ કરવામાં આવે તો તે શ્રમિક કહેવાય નહીં. કોઇ સેવાભાવી ડૉક્ટર ગરીબોની મફત સારવાર કરે તો તે શ્રમ કરતો નથી. પરંતુ જો નાણાં કે પૈસા લઇને ગરીબોની સેવા કરે તો તે શ્રમ કરે છે. જે શ્રમિકો શારીરિક પ્રયત્નો કરે છે તેમને શારીરિક શ્રમિક કહે છે. દા.ત. ખેત મજૂરો, મિલ મજૂરો વગેરે તેમજ જે શ્રમિકો માનસિક પ્રયત્નો કરે છે. તેમને માનસિક શ્રમિકો કહે છે. દા.ત. વકીલ, શિક્ષક, ડૉક્ટર વગેરે.

## 10.7 શ્રમની લાક્ષણિકતાઓ

ઉત્પાદના સાધન તરીકે શ્રમનો અર્થ વધારે સ્પષ્ટ બને તે માટે શ્રમની લાક્ષણિકતાઓનો પરિચય મેળવીએ.

### 10.7.1 જીવંત સાધન

શ્રમની અગત્યની લાક્ષણિકતા એ છે કે શ્રમ એ ઉત્પાદનનું જીવંત સાધન છે. જમીન અને મૂડી ઉત્પાદનના નિર્જીવ સાધન છે. જ્યારે શ્રમ એ ઉત્પાદનનું સજીવ સાધન છે. તેને લાગણીઓ અને ઇચ્છાઓ હોય છે. આથી માલિકો કે મેનેજરોનું વર્તન, કામ કરવાના સંજોગો, શ્રમિકને મળતી

સગવડો વગેરે શ્રમની ઉત્પાદકતાને અસર કરે છે. ઉપરાંત શ્રમિક એક તરફ ઉત્પાદક છે તો બીજી તરફ ગ્રાહક છે. એટલે કે વસ્તુઓ અને સેવાઓ વાપરનાર છે. જ્યારે યંત્રો તો માત્ર ઉત્પાદક છે.

### 10.7.2 શ્રમ અને શ્રમિક અવિભાજ્ય

શ્રમને શ્રમિકથી જુદો પાડી શકાતો નથી. જમીન અને મૂડીને તેના માલિકીથી અલગ પાડી શકાય છે. જમીનનો માલિક જમીનને પોતાની સાથે લઇને ફરતો નથી. પણ શ્રમનો માલિક પોતે હાજર રહ્યા વગર શ્રમ કરી શકતો નથી. જ્યાં શ્રમ કરવાનો હોય ત્યાં શ્રમિકે ફરજીયાતપણે જવું પડે છે. આમ, શ્રમને શ્રમિકથી અલગ કરી શકાતો નથી.

### 10.7.3 શ્રમ નાશવંત છે.

શ્રમ એ ઉત્પાદનનું નાશવંત સાધન છે. તેનો સંગ્રહ કરી શકાતો નથી. જો કોઈ શ્રમિક કોઇ એક દિવસ કામ ન કરે તો તેના શ્રમનો સંગ્રહ થઈ શકે નહીં. શ્રમનો સંગ્રહ કરીને તેનો ઉપયોગ ભવિષ્યમાં થઈ શકતો નથી. અથવા તેનો સંગ્રહ કરી બજારમાં વેચી શકાતો નથી. આથી હડતાળ વખતે શ્રમનો વ્યય થાય છે. આમ, શ્રમનો સંગ્રહ ન કરી શકાતો હોવાથી તે નાશવંત છે. શ્રમનો સંગ્રહ ન થઈ શકતો હોવાને કારણે તેની સોદાશક્તિ ઓછી રહે છે. શ્રમિકોને ઓછું વળતર પણ તેથી જ પ્રાપ્ત થાય છે.

### 10.7.4 અલ્પ ગતિશીલતા

શ્રમ જીવંત સાધન હોવા છતાં ઘણે અંશે અગતિશીલ સાધન છે. શ્રમની પોતાની લાગણીઓ, પ્રેમ, મોહ, માયા હોવાથી તે સહેલાઈથી માફક આવતું સામાજિક, ભૌગોલિક અને વ્યવસાયગત વાતાવરણ છોડવા તૈયાર થતો નથી. એટલે કે શ્રમિકો એક વ્યવસાયમાંથી બીજા વ્યવસાયમાં જવા અથવા તો એક સ્થળેથી બીજા સ્થળે જવા તૈયાર થતાં નથી. તેમ છતાં પણ આજના આધુનિક યુગમાં શ્રમ ઊંચા વળતર માટે અથવા તો પ્રતિષ્ઠા માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનું પસંદ કરે છે. આથી શ્રમ સંપૂર્ણપણે અગતિશીલ છે. તેમ કહેવું યોગ્ય નથી.

### 10.7.5 કાર્યક્ષમતામાં તફાવત

દરેક શ્રમિકની કાર્યક્ષમતા જુદી જુદી હોય છે. કોઈ શ્રમિકની કાર્યક્ષમતા વધુ હોય તો કોઈ શ્રમિકની કાર્યક્ષમતા ઓછી હોય છે. શ્રમિકોની કાર્યક્ષમતાનો આધાર શિક્ષણ, તાલીમ, શારીરિક તથા માનસિક તાકાત, સગવડતા, અનુભવ વગેરે ઉપર આધાર રાખે છે. જો કોઈ શ્રમિકની ઉત્પાદકતા ઓછી હોય તો તે ઉત્પાદકતા કાયમ ઓછી જ રહેશે તેમ કહી શકાય નહીં. શિક્ષણ, તાલીમ, અનુભવ, સાધનો વડે તેની ઉત્પાદકતામાં વધારો કરી શકાય છે.

### 10.7.6 શ્રમ પુરવઠાની ફેરફાર ક્ષમતા

શ્રમના પુરવઠામાં ટૂંકા ગાળામાં એકદમ વધારો કે ઘટાડો કરી શકાતો નથી. શ્રમના પુરવઠાનો આધાર દેશની વસ્તી અને તેના વયમાળખાં ઉપરાંત વેતન દર, વસ્તીની કાર્યશક્તિ અને કાર્ય ઇચ્છા પર છે. દેશમાં વસ્તી અને તેના વય માળખું જરૂર પ્રમાણે બદલી શકાતું નથી. આમ, શ્રમનો પુરવઠો ઝડપી અને ઇચ્છાનુસાર ફેરફાર પામતો નથી.

## 10.8 ઉત્પાદક અને અનુત્પાદક શ્રમ

શ્રમની ખાસિયતો જાણ્યા બાદ શ્રમ ઉત્પાદક છે કે અનુત્પાકદ તે જાણવું અતિ મહત્ત્વનું છે. જે શ્રમિકના પ્રયત્નથી વસ્તુનું ઉત્પાદન થાય છે. લોકોની જરૂરિયાત સંતોષાય, સંપત્તિનું સર્જન થાય તેમજ શ્રમિકને શ્રમનો બદલો મળે તેને ઉત્પાદક શ્રમ કહે છે. ઉત્પાદક શ્રમને કારણે સમાજના કલ્યાણમાં તથા માનવ કલ્યાણમાં વધારો થાય છે. જ્યારે જે શ્રમ દ્વારા સંપત્તિનું સર્જનના થતું હોય અથવા તો જે શ્રમિકના પ્રયત્નથી માનવીના આર્થિક કલ્યાણમાં કોઈ જ વધારો ના થતો હોય તેને અર્થશાસ્ત્રમાં અનુત્પાદક શ્રમ કહે છે. ખેત મજૂરો, મિલ મજૂરો, વકીલો, શિક્ષકો વગેરે ઉત્પાકદ શ્રમિકો છે. જ્યારે દાણચોરો, ડાકુઓ, લૂંટારાઓ વગેરે સમાજ કલ્યાણમાં ઘટાડો કરતાં હોઈ અનુત્પાદક શ્રમ કહે છે.

## 10.9 શ્રમનું મહત્ત્વ

◆ **વર્તમાન સમયમાં જમીન અને શ્રમનું યોગદાન**

ઐતિહાસિક પરીપ્રેક્ષમાં જોઈએ તો ઔધોગિક ક્રાંતિના શરૂઆતના સમય દરમ્યાન ઉત્પાદનની પ્રક્રિયામાં સૌથી મહત્વના અને પાયાના સંસાધનોમાં જમીન અને શ્રમનો સમાવેશ થાય છે. પરંતુ સમયની સાથે સાથે ઉત્પાદનના અન્ય સાધનોનું (મૂડી અને નિયોજક) પણ મહત્વ વધ્યું છે. આમ છતાં જમીન અને શ્રમ ઉત્પાદન માટે પાયાના સંસાધનો રહ્યા છે અને રહેશે. ખેતીથી માંડી અવકાશ સુધીના દરેક ક્ષેત્રમાં વિકાસ રોકેટ ગતિએ થઇ રહ્યો છે. આ વિકાસ જમીન અને માનવ શ્રમ વિના શક્ય નથી. મનુષ્ય કોઈપણ વસ્તુનું ઉત્પાદન કરી શકતો નથી પરંતુ કુદરત એટલે કે જમીન સંસાધન પાસેથી જે કંઈ અમુલ્ય ખજાનો મળે છે તેના રૂપ, રંગ, કદ, આકાર,સ્વરૂપ વગેરેમાં ફેરફાર કરીને વપરાશ યોગ્ય બનાવે છે. આમ જમીન સંસાધન પાસેથી મળતી વસ્તુઓથી જ મનુષ્ય ઉત્પાદનની શરૂઆત કરે છે. તેમજ આ ઉત્પાદનમાં પ્રત્યક્ષ ભૂમિકા શ્રમ ભજવે છે. આમ છતાં જે દેશમાં ફળદ્રુપ અને વિપુલ માત્રામાં કુદરતી સંસાધનો ઉપલબ્ધ હોય તે દેશ વિકાસ કરવા શક્તિમાન હોય છે. સાથે સાથે જો યોગ્ય અને તાલીમ પામેલ શ્રમ સંશાધન હોય તો દેશ વિકાસની ઉતંગ શિખરો સર કરે છે. આમ વર્તમાન સમયમાં કોઈપણ દેશના વિકાસ માટે વિપુલ માત્રામાં કુદરતી સંસાધનો અને તાલીમ પામેલ શ્રમ જરૂરી છે.

◆ **વસ્તી વધારાને કારણે જમીન અને શ્રમને ભોગવવી પડતી સમસ્યાઓ**

વસ્તીવિસ્ફોટ અને વસ્તી વૃદ્ધિનો ઊંચો દર દેશ માટે અનેક સમસ્યાઓનું સર્જન કરે છે. વસ્તી વૃદ્ધિને કારણે ઉત્પાદનના બધા જ સંસાધનોને અનેક પ્રકારની સમસ્યાઓ ભોગવવી પડે છે. દેશમાં વસ્તી વધે તેનો મતલબ એવો નથી કે શ્રમનું પ્રમાણ પણ વધે જ છે. વસ્તી વૃદ્ધિના આંકડા જોતા માલુમ પડે છે કે દેશમાં ઉત્પાદક વસ્તી નું પ્રમાણ ૩૫ % થી ૪૦ % જેટલું જ છે. જયારે વધારાની વસ્તી માત્ર આશ્રિત જીવન જીવે છે મતલબ કે તેમનો ઉત્પાદનમાં કશો જ હિસ્સો નથી. વસ્તીમાં વધારો થતા વસ્તીની ગીચતા, ઝુપડપટ્ટીની સમસ્યાઓ, ગંદકી, ગુન્હાઓનું વધતું પ્રમાણ, બાળ અપરાધો,શહેરી જીવનમાં માનસિક રોગોનું પ્રમાણ અને તનાવપૂર્ણ જીવન જેવી અનેક સમસ્યાઓ વધતી જાય છે. આ ઉપરાંત વસ્તી વધતા શ્રમિકોનું અનેક પ્રકારે શોષણ થાય છે જેમ કે ઓછું વેતન, વધુ કામના કલાક, નોકરીની અસલામતી, કામના સ્થળે સલામતીનો અભાવ, શારીરિક અને માનસિક શોષણ, વગેરે.

તેમજ વસ્તીવૃધ્ધીની જમીન પર પણ ખુબ જ વિનાશક અસરો જોવા મળે છે. જમીન નો મહત્તમ ઉપયોગ ખેતી ક્ષેત્રમાં થાય છે વસ્તી વધતા જમીન ના ભાગ પડે છે અને નાના તેમજ સીમાંત ખેડૂતોનું પ્રમાણ વધતું જાય છે. જમીનના નાના નાના ભાગ પડતા ખેતી ક્ષેત્રમાં મોટા યંત્રોનો ઉપયોગ કરી શકતો નથી તેમજ ટેકનોલોજીનો પણ પ્રમાણમાં ઓછો ઉપયોગ કરી શકાય છે આથી જૂની પુરાની પદ્ધતિથી જ ઉત્પાદન કરતા ઓછું ઉત્પાદન થાય છે. તેમજ વસ્તી કુદરતી સંસાધનો જેવા કે જંગલો, જમીન, નદી, તળાવ, પર્વતો, ખાણ અને ખનીજો વગેરેનો દુર ઉપયોગ કરી વિનાશ નોતરે છે.

કોઇ દેશમાં અઢળક પ્રમાણમાં સંપત્તિ હોય, વિપુલ પ્રમાણમાં મૂડી હોય પરંતુ, શ્રમિકો જ ખૂબ ઓછા હોય અથવા શ્રમિકો શારીરિક-માનસિક રીતે કમજોર હોય તે દેશ વિકાસ પામી શકતો નથી. ભારત વિશે કહેવામાં આવે છે કે 'ધનિક ભારતમાં ગરીબો વસે છે' તેનો અર્થ એ છે કે ભૌતિક સંજોગો તેમજ કુદરતી સાધન સંપત્તિની બાબતમાં ભારત ધનિક હોવા છતાં ભારતની વસ્તીમાં મોટાભાગના લોકો અજ્ઞાની, નિરક્ષર, વહેમી, આળસુ શારીરિક અને માનસિક રીતે કમજોર અને સંકુચિત હોવાથી દેશ પાસે રહેલ સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરી શકાતો નથી અને સાધન સંપત્તિ વણવપરાયેલી પડી રહે છે. અથવા બગાડ થાય છે. આમ, દેશમાં રહેલી વસ્તીની ગુણવત્તા દેશના વિકાસમાં આધારસ્તંભ હોય છે.

આ ઉપરાંત દેશમાં વસ્તીનું પ્રમાણ વધુ હોય પરંતુ વસ્તીમાં ઉત્પાદન કાર્ય કરી શકે એવી વયની વ્યક્તિઓનું પ્રમાણ ખૂબ ઓછું હોય તો પણ દેશનો વિકાસ થઇ શકતો નથી. આથી જ પ્રો.

ટી. ડબલ્યું શૂલ્ટઝ કહે છે કે, ×જો માનવ સમાજોની અતિ મૂલ્યવાન મૂડી હોય તો તે માનવમૂડી છે.× આમ, દેશના વિકાસરૂપી મકાનના ચણતરમાં દેશમાં રહેલી વસ્તીની ગુણવત્તા અને વસ્તીનું માળખું પાયાની ઈંટ સમાન કાર્ય કરે છે.

## 10.10 સારાંશ

આ એકમનો અભ્યાસ કર્યા પછી આપણે જાણી શકીએ છીએ કે ઉત્પાદનના ચાર સાધનો (જમીન, મૂડી, શ્રમ, નિયોજક) પૈકી જમીન અને શ્રમ ઉત્પાદનના મુખ્ય કે પ્રાથમિક સાધનો છે. જેમાં જમીન એટલે માત્ર પૃથ્વીની સપાટી જ નહીં. પરંતુ પૃથ્વીની સપાટી ઉપરાંત પૃથ્વીની સપાટીની નીચે રહેલ કૉલેસો, ખનીજ તેલ, ખનીજ દ્રવ્યો, વગેરે તેમજ પૃથ્વીની સપાટીની ઉપરના જંગલો, નદીઓ, પર્વો વગેરેને પણ જમીન તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત આપણે અભ્યાસ કર્યો કે શ્રમ એટલે મજૂરી નહીં પરંતુ શારીરિક અને માનસિક પ્રયત્ન કે જે બદલાની અપેક્ષાને કોઈની દેખરેખ નીચે કરવામાં આવે છે.

આમ, આ એકમમાં અભ્યાસ પરથી જમીન અને શ્રમનો સામાન્ય તેમજ ઉત્પાદનના સાધન તરીકેનો ખ્યાલ સમજી શકાય છે.

## 10.11 ચાવીરૂપ શબ્દો

**ઉત્પાદન** : વસ્તુમાં તૃષ્ટિગુણનો ઉમરો કરી તેને વપરાશ યોગ્ય બનાવવાની પ્રક્રિયા.

**ઉત્પાદનના સાધનો** : ઉત્પાદનની પ્રક્રિયામાં નિક્ષેપો તરીકે ઉપયોગમાં લેવામાં આવતાં સાધનો જેમને સામાન્ય રીતે ચાર વિભાગમાં વહેંચવામાં આવે છે. જમીન, શ્રમ, મૂડી અને નિયોજક

**સંસાધન** : ઉત્પાદન કે આર્થિક પ્રવૃત્તિમાં ફાળો, આપે એવાં સાધનો જેમાં કુદરતી સંસાધનો, માનવમૂડી અને ભૌતિક સંસાધનોનો સમાવેશ થાય છે.

**તૃષ્ટિગુણ** : તૃષ્ટિગુણ એટલે કોઈપણ વસ્તુનો અથવા સેવાનો જરૂરિયાત સંતોષી શકવાનો ગુણ અથવા શક્તિ

**જમીન** : આવકનું સર્જન કરવા માટે અંકુશમાં આવી શકતી અને ઉપયોગમાં લઈ શકાતી કુદરતી સંપત્તિને જમીન કહેવામાં આવે છે.

**શ્રમ** : કોઈની દેખરેખ નીચે વસ્તુ કે પૈસાના બદલાની અપેક્ષાથી કરવામાં આવેલાં શારીરિક કે માનસિક પ્રયત્ન એટલે શ્રમ.

**શ્રમિક** : જે શારીરિક કે માનસિક શ્રમ કરે છે તે શ્રમિક છે.

## 10.12 તમારી પ્રગતિ ચકાસો

### 10.12.1 આપેલા વિકલ્પમાંથી સાચા વિકલ્પ પસંદ કરો.

1. ઉત્પાદનના કયા સાધનને મૂળભૂત સાધન ગણવામાં આવે છે ?

   (અ) નિયોજક (બ) મૂડી

   (ક) શ્રમ (ડ) જમીન

2. ઉત્પાદનના કયા સાધનમાં વધારો કે ઘટાડો કરી શકાતો નથી ?

   (અ) ભૂમિ (બ) મૂડી

   (ક) નિયોજક (ડ) શ્રમ

3. કયું સાધન નાશવંત છે ?

   (અ) ભૂમિ (બ) મૂડી

   (ક) શ્રમ (ડ) નિયોજક

4. ઉત્પાદનનું કયું સાધન સંપૂર્ણ અગતિશીલ છે ?

(અ) નિયોજક (બ) શ્રમ

(ક) જમીન (ડ) મૂડી

5. શ્રમ અને શ્રમિક કેવા અંગ છે ?

(અ) અવિભાજ્ય (બ) ભિન્ન

(ક) અમર્યાદિત (ડ) નિર્જીવ

6. જમીનનો પુરવઠો કેવો છે ?

(અ) અમર્યાદિત (બ) સ્થિર

(ક) અસ્થિર (ડ) શૂન્ય

7. નીચેનામાંથી કોણ માનસિક શ્રમિક છે ?

(અ) ખેત મજૂર (બ) શિક્ષક

(ક) મિલ મજૂર (ડ) લારી ખેંચનાર

8. નીચેનામાંથી કોણ શારીરિક શ્રમ કરે છે ?

(અ) શિક્ષક (બ) વકીલ

(ક) ડૉક્ટર (ડ) ખેતમજૂર

9. જમીનનો ઉપયોગ વધતાં તેની ઉત્પાદકતા પર કેવી અસર થાય છે ?

(અ) વધે છે (બ) ઘટે છે

(ક) સ્થિર રહે (ડ) શૂન્ય બને

10. નીચેનામાંથી કોણ અનુત્પાદક શ્રમ કરે છે ?

(અ) વકીલ (બ) ખેતમજૂર

(ક) મિલ મજૂર (ડ) ચોર

**10.12.2 ખાલી જગ્યા પૂરો :**

1. ઉત્પાદન એટલે .............. નું સર્જન.
2. ઉત્પાદનના ............. સાધનો છે.
3. શ્રમ ઉત્પાદનનું ........... સાધન છે.
4. જમીનનું ઉત્પાદન ખર્ચ ............ છે.
5. જમીન ............ તરફથી મળેલી બક્ષિસ છે.
6. ........... એ ઉત્પાદનનું અગતિશીલ સાધન છે.

**10.12.3 વિધાનો ખરાં છે કે ખોટાં તે તપાસો.**

1. ઉત્પાદનના સાધનો પાંચ છે.
2. જમીન કુદરતી સંપત્તિ છે.
3. વકીલ એ શારીરિક શ્રમિક છે.
4. શિક્ષક માનસિક શ્રમ કરે છે.
5. ડૉક્ટર દ્વારા કરવામાં આવતો શ્રમ ઉત્પાદન શ્રમ છે.
6. અનુત્પાદક શ્રમિકો દ્વારા સંપત્તિનું સર્જન થાય છે.

7. અનુત્પાદક શ્રમિકો દ્વારા માનવ કલ્યાણમાં ઘટાડો થાય છે.

8. પોતાના બાળકોને ઘરે ભણાવતી શિક્ષિકા શ્રમ કરે છે.

9. જમીન એ માનવ સર્જિત સંસાધન છે.

10. જમીન એ ઉત્પાદનનું ગતિશીલ સાધન છે.

**10.12.4 ટૂંકમાં જવાબો આપો.**

1. જમીનનો ખ્યાલ સમજાવો.
2. શ્રમનો અર્થ આપો.
3. ભૂમિના લક્ષણો જણાવો.
4. શ્રમની લાક્ષણિકતા જણાવો.
5. ઉત્પાદક શ્રમ એટલે શું ?
6. અનુત્પાદક શ્રમ એટલે શું ?
7. ઉત્પાદનના સાધનોના નામ આપો.

**10.12.5 સવિસ્તાર જવાબો આપો.**

1. શ્રમનો અર્થ જણાવી શ્રમના લક્ષણો સમજાવો.
2. ભૂમિનો અર્થ જણાવી ભૂમિના લક્ષણો સમજાવો.
3. ઉત્પાદક અને અનુત્પાદક શ્રમનો અર્થ જણાવી બન્ને વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

## 10.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**10.12.1 આપેલા વિકલ્પમાંથી સાચા વિકલ્પ પસંદ કરો ના જવાબ.**

(1) જમીન (2) ભૂમિ (3) શ્રમ (4) જમીન (5) અવિભાજ્ય (6) સ્થિર (7) શિક્ષક (8) ખેતમજૂર (9) ઘટે છે (10) ચોર.

**10.12.2 ખાલી જગ્યા પૂરોના જવાબ.**

(1) તૃષ્ટિગુણ (2) ચાર (3) નાશવંત (4) શૂન્ય (5) કુદરત (6) જમીન

**10.12.3 વિધાનો ખરાં છે કે ખોટાં તે તપાસોના જવાબ.**

(1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખરું (5) ખરું (6) ખોટું (7) ખરું (8) ખોટું (9) ખોટું (10) ખોટું

## 10.14 ઉપયોગી પુસ્તકો

K. K. Dewett & S. D. Varma (1994), Elementary Economic Theory, S. chand & Copany Ltd. New Delhi.

John Black, Nigar Hashimzade and Gareth myles (2013), Oxford Dictionary of Economics, Oxford University press.

રમેશ બી. શાહ. (2013), પારિભાષિક કોષ અર્થશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

M. L. Sheth (2016), Principles of Economics, Lakshmi Narain Agarwal, Educational, Publishers, Agra.